Tuesday
17.03.2026
✳Volume :10 ✳ Issue No.249
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સરદારધામ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ અને ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સરદારધામ ખાતેથી તાલીમ મેળવીને ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ તેમજ ગુજરાત જાહેર વહીવટી સેવામાં પસંદગી પામેલા યુવાનોનો સન્માન સમારોહ યોજાયો હતો. સરદારધામમાંથી તાલીમ મેળવીને યુપીએસસીમાં સફળતા પ્રાપ્ત કરનારા શ્રી તુષાર મેંદપરા, શ્રી અનિકેત પટેલ, શ્રી સાવન સરાવાડિયા, શ્રી સ્નેહ પટેલ અને શ્રી ઉત્પલ પટેલને ચેક અને સ્મૃતિ ચિન્હ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૬નું કર્ટેન રેઝર મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું.

સન્માન સમારોહમાં પૂર્વ સનદી અધિકારીશ્રીઓ તથા સમાજના દાતાશ્રીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સરદારધામ-કેળવણીધામ અને સિવિલ સર્વિસ કેન્દ્ર ખાતે તાલીમ મેળવીને આ વર્ષે યુપીએસસીની પરીક્ષામાં ૫ વિદ્યાર્થીઓ તથા ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષાઓમાં ૧૩૩૭ વિદ્યાર્થીઓ સફળ બન્યા છે.

સરદારધામ ખાતે ઈન્ટરવ્યુ તાલીમ મેળવીને સફળ બનેલ અન્ય સમાજના વિદ્યાર્થીનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું. સરદારધામ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ યુપીએસસી અને ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષાઓમાં સફળ થયેલા ઉમેદવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પરીક્ષાઓ પાસ કરીને તમે તમારી બૌદ્ધિક ક્ષમતા પુરવાર કરી છે, પરંતુ હવે આ બુદ્ધિ શક્તિનો લોકહિત માટે સદુપયોગ કરવાનો અસલી સમય શરૂ થયો છે. તમારી આગામી કાર્યશૈલી અને વહીવટી નિર્ણયો જ તમારી કારકિર્દીની સાચી ઓળખ બનશે. વહીવટી સેવામાં જોડાતા યુવાનોને પ્રોત્સાહન આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકારી સેવા એ માત્ર નોકરી નથી પરંતુ પુણ્ય કમાવવાની ઉત્તમ તક છે. સરકારી સંસાધનો અને નાણાંનો ઉપયોગ જ્યારે પ્રજાની સુખાકારી માટે સાચી દિશામાં થાય છે, ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. પ્રજાજનો પ્રત્યે અધિકારીઓનો વ્યવહાર સંવેદનશીલ હોવો જોઈએ, જેથી તેઓ પોતાના માતા-પિતા, સંસ્થા અને સમાજનું ગૌરવ વધારી શકે.

વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ વહીવટમાં શિસ્ત અને સુશાસનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, તમામ નીતિ-નિયમો પ્રજાની સુવિધા માટે બનાવવામાં આવ્યા છે, તેથી વહીવટમાં ગતિશીલતા લાવી નાગરિકોની મુશ્કેલીઓ ઘટાડવી એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતનો આર્થિક પાયો મજબૂત બન્યો છે, ત્યારે 'અમૃતકાળ'ના આ સમયમાં અત્યારના નવયુક્ત અધિકારીઓ પાસે વર્ષ ૨૦૪૭ સુધી દેશની સેવા કરવાની મોટી તક છે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે યુવા અધિકારીઓ સંપૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

સન્માન સમારોહમાં આરોગ્ય રાજયમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ સફળતા પ્રાપ્ત કરનારા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે તાલીમ મેળવી રહેલા યુવાનોને પોતાના માતાપિતાના પરિશ્રમ અને સપનાઓને હંમેશા ધ્યાને રાખીને મહેનત કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ વહીવટી સેવામાં જોડાઈ રહેલા યુવાઓને અનુરોધ કર્યો હતો કે વહીવટી સેવામાં જોડાયા બાદ તેમનો અભિગમ 'અંત્યોદય' એટલે કે સમાજના છેવાડાના અને ગરીબ વ્યક્તિના ઉત્થાન માટેનો હોવો જોઈએ. સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદ ભારતમાં સિવિલ સર્વિસ માટે જે ઉમદા વિચાર રજૂ કર્યો હતો, તેને સાર્થક કરવાની જવાબદારી નવયુક્ત અધિકારીઓના ખભે છે એમ તેમણે જણાવ્યું હતું વધુમાં મંત્રીશ્રીએ શિક્ષણ અને સમાજ સેવાના હેતુથી સંસ્થાને સહયોગ આપનારા દાતાઓની ઉદારતાને પણ બિરદાવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અહીંથી તાલીમ મેળવેલા યુવાનો કોઈપણ ભેદભાવ કે અભિમાન વગર શ્રેષ્ઠ કર્મ કરીને સમાજ અને દેશનું નામ રોશન કરશે. સમારોહમાં સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરીયાએ સ્વાગત સંબોધન કરતા સૌને આવકાર્યા હતા. આ સન્માન સમારોહમાં સરદારધામના ટ્રસ્ટીશ્રીઓ, દાતાઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ, આમંત્રિત મહાનુભાવો, સંસ્થાના ફેકલ્ટીઝ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા નદીનું પાણી કચ્છ સુધી પહોંચાડ્વાના ઐતિહાસિક કાર્યનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કોંગ્રેસ માત્ર વિરોધ કરવાની રાજનીતિ કરે છે જ્યારે ભાજપ વિકાસની રાજનીતિ કરે છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશનો વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

નર્મદા ડેમના દરવાજા લગાવવા માટે કોંગ્રેસે વર્ષો સુધી પરવાનગી ન આપી, શ્રી મોદીજીએ પ્રધાનમંત્રી બન્યાના ૧૭ જ દિવસમાં મંજૂરી આપી પાણી નર્મદાના નીર ખેતર સુધી પહોંચાડયા-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પાટણ જિલ્લાના સંગઠનાત્મક પ્રવાસ અંતર્ગત ચાણસ્મા ખાતે વિશાળ બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કર્યું હતું આ પૂર્વે ચાણસ્મા વિધાનસભાના બુથ નં. ૨૦૭ના પ્રમુખ ઈશ્વરજી ઠાકોરના નિવાસસ્થાને ચા- નાસ્તો કર્યો હતો તેમજ ચાણસ્મા શહેર ખાતે શ્રી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી પિંપળેશ્વર મંદિર તથા ગોગા મહારાજ મંદિરે દર્શન કર્યા હતાં. બુથ કાર્યકર્તા સંમેલનમાં સંબોધન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, પાટણની ધરતી ઐતિહાસિક અને પવિત્ર ધરતી છે. દેશભરમાં આજે પણ તિજોરી માટે ચાણસ્માનું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે. વર્ષો સુધી ચાણસ્મા ભારતીય જનતા પાર્ટીનો ગઢ રહ્યો છે અને ઉત્તર ગુજરાતમાં તેનું આગવું સ્થાન છે. છેલ્લા બે દાયકામાં આ વિસ્તારમાં વિકાસના અનેક કાર્યો થયા છે અને નાગરિકોએ વિકાસને પોતાની આંખે જોયો છે. જે વિસ્તારમાં પાણીના સ્તર ઊંડા ગયા હતા ત્યાં આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોથી નર્મદાના નીર પહોંચ્યા છે, જેનાથી ખેડૂતો અને પશુપાલકો સુખી થયા છે. આજે નર્મદા નદીનું પાણી કચ્છ સુધી પહોંચાડવાનું ઐતિહાસિક કાર્ય થયું છે, જેનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, વિસ્તારમાં પાણીની સમસ્યાના કારણે ચાણસ્માની પ્રજાએ વર્ષો પહેલા માઈગ્રેશન કરવું પડતું હતું. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસન સંભાળ્યા પછી વિકાસની નવી દિશા આપી. કોંગ્રેસે વર્ષો સુધી નર્મદા ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી ન હતી, જેના કારણે લાખો ગેલન પાણી વહી જતું હતું. પરંતુ વડાપ્રધાન બનતાની સાથે જ માત્ર ૧૭ દિવસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી. ત્યારબાદ શ્રીમતી આનંદીબેન પટેલના મુખ્યમંત્રીકાળ દરમિયાન દરવાજા લગાવવાની કામગીરી શરૂ થઈ અને જે પાણી પહેલા વહી જતું હતું તે આજે ખેડૂતોના ખેતરો સુધી પહોંચી રહ્યું છે. તેમણે જણાવ્યુ કે સમી-સાંતલપુરના જે ખેડૂતો અગાઉ એક જ પાક લેતા હતા તેઓ આજે બેથી વધુ પાક લઈ આર્થિક રીતે સદ્ધર બન્યા છે. પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોના પાકના વેચાણની જવાબદારી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમૂલને સોંપી છે. વધુમાં, સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકારી મંડળીઓમાં પેટ્રોલ પંપ અને ગેસ વિતરણ જેવી ૨ રથી વધુ પ્રવૃત્તિઓ શરૂ કરી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપ્યો છે. ભાજપ સરકારના વિકાસ કાર્યોની યાદી આપતા તેમણે જણાવ્યું કે સરદાર સરોવરથી કચ્છ સુધી પાણી પહોંચાડવું પીવાના પાણીની લાઈનો નાખવી, સોસાયટીઓમાં રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, અંડરગ્રાઉન્ડ કેબલ, ગટરલાઈન, ફોરલેન રસ્તા, શાળાઓમાં સુધારા, પાણીની ટાંકીઓ, ૧૧ મૉડલ સ્કૂલો, ગામે ગામ રસ્તા, સમી-શંખેશ્વર વચ્ચે નવા બ્રિજનું નિર્માણ, લોકેશ્વર મહાદેવ ખાતે પ્રવાસન નિગમ દ્વારા વિકાસકાર્યો તેમજ ૨૫ નવી શાળાઓને મંજૂરી જેવા અનેક કાર્યો ભાજપ સરકાર દ્વારા થયા છે. કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી રાજ કર્યું છતાં આવા વિકાસ કાર્યો કરી શકી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે કોંગ્રેસે વર્ષો સુધી માત્ર વચનો આપ્યા, પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઘર-ઘર શૌચાલય બનાવ્યા, ગરીબોને પાકા મકાનો આપ્યા, કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને સહાય આપી અને ગરીબોને મફત અનાજ આપ્યું. કોંગ્રેસના સમયમાં મહિલાઓને પાણી લેવા માટે બહાર જવું પડતું હતું. આજે કોંગ્રેસના નેતાઓ ગેસના સિલિન્ડરને લઈને રાજકારણ કરે છે, પરંતુ નહેરુ અને ઈન્દિરા ગાંધીના સમયમાં ગેસ કનેક્શન આપવાનો વિચાર પણ તેમને કેમ ન આવ્યો તે પ્રશ્ન તેમણે ઉઠાવ્યો. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે જ્યારે સરકારે જનધન યોજના દ્વારા બેંક ખાતા ખોલાવવા ની શરૂઆત કરી ત્યારે કોંગ્રેસના ભૂતપૂર્વ નાણામંત્રી શંકા વ્યક્ત કરતા હતા કે ગામડાના લોકોને મોબાઈલ અને બેંક ખાતાનો ઉપયોગ આવડશે નહીં. પરંતુ આજે દેશમાં લગભગ દરેક વ્યક્તિ પાસે બેંક ખાતું છે. રાજીવ ગાંધી કહેતા હતા કે સરકાર મોકલે તેમાંથી માત્ર ૧૫ પૈસા જનતા સુધી પહોંચે છે, જ્યારે આજે મોદી સરકારે સીધી લાભાર્થીના ખાતામાં સહાય પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાસે ન તો વિઝન છે, ન તો વિઝનરી નેતા. તેમણે પ્રશ્ન કર્યો કે ૬૦ વર્ષના શાસનમાં કોંગ્રેસને ગરીબ માતા-બહેનો માટે શૌચાલય, ગેસ કનેક્શન કે પાકા ઘર બનાવવાનો વિચાર કેમ ન આવ્યો? ભાજપ સરકારે કિસાન સન્માન નિધિ, મફત અનાજ અને સીધા બેંક ખાતામાં સહાય પહોંચાડી ભ્રષ્ટાચાર નાબૂદ કર્યો છે. કોંગ્રેસ માત્ર વિરોધ કરવાની રાજનીતિ કરે છે જ્યારે ભાજપ વિકાસની રાજનીતિ કરે છે. ભાજપનો કાર્યકર્તા માત્ર ચૂંટણી વખતે જ કાર્ય નથી કરતો, પરંતુ વર્ષભર લોકોની વચ્ચે રહી સેવા કરે છે. હાલના કોંગ્રેસના ધારાસભ્ય વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો ઉઠાવતા નથી. આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ચાણસ્માની પ્રજા કોંગ્રેસને જડબાતોડ જવાબ આપશે તેવો તેમને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતા શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, રાહુલ ગાંધી ગમે તેટલી બુમો પાડે, સંસદ બહાર દેખાવો કરે, પરંતુ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત ના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગેસ સિલિન્ડરનું સંકટ નહીં આવવા દે. ખેડૂતોની આવક બમણી કરવાની વડાપ્રધાન મોદીની પ્રતિબદ્ધતા છે અને મોદી સરકાર ખેડૂતોની આવક વધે તે માટે સતત કાર્ય કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશનો વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે. વિદેશની ધરતી પર સૌથી વધુ સન્માન ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યા છે. દેશની ૧૪૦ કરોડ જનતાનો વિશ્વાસ મોદી સરકાર પર છે, જ્યારે કોંગ્રેસ આજે ધૃતરાષ્ટ્ર જેવી સ્થિતિમાં આંખે પાટા બાંધીને બેઠી છે. આવનારી તાલુકા, જિલ્લા અને નગરપાલિકાની ચૂંટણીમાં દરેક ભાજપાના કાર્યકર્તાને ચોકીદાર બની કોઈ વ્યક્તિ પ્રજાને ભરમાવી ન શકે તે સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી તથા ઉત્તર ઝોનના પ્રભારીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પાટણ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, પ્રભારી શ્રી સત્યેનભાઈ કુલાબકર, રાધનપુરના ધારાસભ્યશ્રી લવીંગજી ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર સહિત ભાજપા આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આહિર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા રાજ્ય મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને તેજસ્વી તારલાઓનો વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

આહિર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા ૪૩ વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરાયા.

કમલમ્,ગાંધીનગર

ગાંધીનગરમાં કોઈપણ હોદ્દેદારો વગરની ૨૭ વર્ષથી કાર્યરત સંસ્થા, આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૪ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ ટાઉન હોલ ખાતે ગાંધીનગર શહેરમાં વસતા આહિર પરિવારનાં તેજસ્વી તારલાઓનો ૨૫મો સરસ્વતી સન્માન સમારંભ ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટૅકનિકલ શિક્ષણ વિભાગના રાજય મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે તાલાલાના ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભની સાથે સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ડાયરાનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા દિપપ્રાગટ્ય અને પ્રાર્થના બાદ કાર્યકર્તાઓ દ્વારા મહેમાનોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યુ હતુ. સમાજનાં બાળકો દ્વારા જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય ભોજન દાતા જિતેન્દ્રકુમાર પીઠિયા, તેજસ્વી તારલાઓના ૧૦ વર્ષના ઈનામ દાતા નીતિનભાઈ ભાટિયા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના ઈનામ દાતા ભરતભાઈ વાઢેરનું પણ મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે તાજેતરમાં જ UPSC ની પરીક્ષામાં ઝળહળતી સફળતા સાથે ઉત્તિર્ણ થયેલા શ્રી કિશનકુમાર રામ તેમજ ગાંધીનગરમાં બદલીથી નિમણૂંક પામેલા IPS અધિકારી શ્રી વિવેક ભેડા, SP, CID Crime ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ તથા કોલેજ/યુનિવર્સિટી લેવલે વિવિધ ડીગ્રી ડીપ્લોમા પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ પૈકી કુલ ૪૩ તેજસ્વી તારલાઓનું શિલ્ડ/પારિતોષિક તથા પ્રમાણપત્ર આપીને સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા જિલ્લાઓમાંથી ગાંધીનગરમાં એકત્રિત થયેલ આહિર સમાજને એક તાંતણે બાંધીને સમાજની સંસ્કૃતિ જાળવી રાખવાનું કામ આ સંસ્થા કરી રહી છે. છેલ્લા થોડા વર્ષોથી શિક્ષણની ભૂખ ઉઘડતાં તેના પરિણામ સ્વરૂપ UPSC માં પાસ થયેલા IPS અધિકારીઓ આપણી સામે છે, હજુ વધુને વધુ યુવાઓ આવી પરીક્ષા પાસ કરીને આગળ આવે તેવી આશા વ્યક્ત કરી હતી. વિધાર્થીઓનાં સન્માન બાદ આહિર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનાં આર્થિક સહયોગથી સાંસ્કૃતિક ડાયરાનુ આયોજન કરાયુ હતુ. જેમાં લોક ગાયક શ્રી ભાવેશભાઈ આહિર તથા લોક સાહિત્યકાર શ્રી અનુભા ગઢવીએ સાંસ્કુતિક રાસ, ગરબા અને સાહિત્યનો રસથાળ પીરસ્યો હતો. જેને સમાજના વડીલો, યુવાનો, વિધાર્થીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. આ કાર્યક્રમનુ ભવ્યાતિભવ્ય આયોજન સમાજનાં કાર્યકર્તાઓ પૈકી, ટીમ લીડર શ્રી ભરતભાઈ ઝાલા, હિંમતભાઈ હડીયા, પરબતભાઈ ધુવા, પરબતભાઈ પોસ્તરીયા, ભાવેશભાઈ કલસરીયા અને ધર્મેશભાઈ નકુમ ની મુખ્ય ટીમે ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તંત્રી સ્થાનેથી......

અંત્યોદય'અને 'ગરીબ કલ્યાણ'ના મંત્ર સાથે રાજ્યમાં છેવાડાના માનવીની અન્ન સુરક્ષા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. ગુજરાતના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ વિભાગ માટે કુલ રૂ. ૨,૮૫૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.ગરીબ કલ્યાણ' એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો માત્ર એજન્ડા નહીં, પરંતુ મંત્ર છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય'ના સપનાને સાકાર કરવા માટે રાજ્યસરકાર સતત કાર્યરત છે તેમ,અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણભાઈ સોલંકીએ વિભાગની નવી જોગવાઈ ઓ અંગે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું. આ પ્રસંગે અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રીપી.સી.બરંડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પત્રકાર પરિષદમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધારે પ્રેઝન્ટેશન રજૂ કરતાં કહ્યું હતું કે,રાજ્યના નાગરિકોને અન્ન સુરક્ષા અને પોષણક્ષમ આહાર મળે તે માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રાજ્યના અંદાજે ૭૫ લાખ NFSA પરિવારોને અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે રૂ. ૭૦૦.૬૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા, સમતોલ આહાર માટે NFSA કાર્ડધારકોને રાહત દરે તુવેર દાળ અને ચણા આપવા માટે રૂ. ૮૪૧.૬૯ કરોડની જોગવાઈ પણ કરાઈ છે. તેમણે વધુમાં કહ્યું કે,વર્ષ ૨૦૨૫-૨૬માં અગાઉના વર્ષની સરખામણીએ કઠોળના વિતરણમાં ૨૮,૪૯૧ મેટ્રિક ટનનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત, આયોડિન અને આયર્નની ઊણપ દૂર કરવા ૭૫ લાખ પરિવારોને માત્ર રૂ. ૧ પ્રતિ કિલોના દરે ડબલ ફોર્ટિફાઈડ મીઠું આપવા રૂ. ૫૯.૪૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પારદર્શિતા પારદર્શિતા પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અને સબસિડીનો સીધો લાભ પહોંચાડવા ટેક્નોલોજીનો વ્યાપ વધાર્યો છે. ગુજરાતે દેશમાં પ્રથમવાર CBDC (Central Bank Digital Currency) આધારિત ડિજિટલ ફૂડ કૂપનનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ સિસ્ટમ e-KYC આધારિત હોવાથી બાયોમેટ્રિક નિષ્ફળતા જેવી સમસ્યાઓ હલ થશે. અત્યાર સુધીમાં રાજ્યના ૪.૨૩ કરોડ રેશનકાર્ડ સભ્યોનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત ખેડૂત કલ્યાણની વાત કરતાં તેમણે જણાવ્યું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૦,૩૯૬ ખેડૂતો પાસેથી વિવિધ ધાન્યની ખરીદી કરી રૂ. ૪૭,૪૯૪ લાખનું સીધું ચૂકવણું બેંક ખાતામાં કરવામાં આવ્યું છે. શ્રીઅન્ન(મિલેટ્સ)ના વપરાશને પ્રોત્સાહન આપવા માટે બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી પર ખેડૂતોને રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ આપવા માટે રૂ. ૩૬.૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે,જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વની કડી એવા ૧૭ હજારથી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. હવે, તેમને રૂ. ૧૫૦ના બદલે રૂ. ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કમિશન ચૂકવવામાં આવશે. આ માટે રૂ. ૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઈ અલગથી કરાઈ છે.'સજાગ ગ્રાહક, સુરક્ષિત ગુજરાત'ના મંત્ર સાથે ગ્રાહકોના હિતોના રક્ષણ માટે નવીન પહેલ કરવામાં આવી છે. રાજ્યના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં 'પ્રિ-લિટિગેશન અને સમાધાન કેન્દ્રો' સ્થાપવામાં આવશે. જેથી ફરિયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે. વધુમાં, કાયદાકીય માપ વિજ્ઞાન તંત્રની કામગીરીને વધુ પારદર્શક બનાવવા ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (IFP) કાર્યરત કરાયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ પત્રકાર પરિષદમાં અન્ન અને નાગરિક પુરવઠા નિયામક શ્રી મયુર મહેતા સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના"નો ૨૨મો હપ્તો રિલીઝ કર્યો

૨૨માં હપ્તા હેઠળ દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોને રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની અને ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને રૂ. ૧,૦૨૮ કરોડની સહાય મળી

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના"નો ૨૨મો હપ્તો રિલીઝ કરીને દેશના દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોના બેંકખાતામાં કુલ રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય જમા કરી છે. જે અંતર્ગત ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને પણ રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૨માં હપ્તા હેઠળ મળી છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો "પી.એમ. કિસાન ઉત્સવ દિવસ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂત હિતલક્ષી શાસનનો મંત્ર દોહરાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે ખેડૂતોની સમસ્યાઓને સંવેદના સાથે વાચા આપી છે. ભૂતકાળમાં આપણે પાણીની જે વિકટ પરિસ્થિતિઓ જોઈ છે, તેમાંથી ખેડૂતોને બહાર લાવવાનું ભગીરથ કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, નર્મદા કેનાલના નેટવર્ક દ્વારા છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડીને ખેતીને નવું જીવન આપ્યું છે. પાણીના સુયોજિત આયોજન દ્વારા ખેડૂતોને પડતી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. વીજળીના પ્રશ્ને વાત કરતા તેમણે ઉમેર્યું કે, અગાઉ ખેડૂતો રાત્રે વીજળી મળવાને કારણે મુશ્કેલી અનુભવતા હતા, પરંતુ વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી આજે ગુજરાતમાં ૨૪ કલાક અને ૩૬૫ દિવસ વીજળી ઉપલબ્ધ છે. લગભગ ૯૬ થી ૯૮% ખેડૂતોને હવે દિવસે વીજળી પૂરી પાડવામાં આવે છે. વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટે સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, રાજ્ય સરકારે દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવી છે, જેનો ઉપયોગ માત્ર જળસંચય અને પાણીને જમીનમાં ઉતારવાના કામો માટે કરવાનો રહેશે. આનાથી ભવિષ્યમાં ખેડૂતોને પાણીની અછતનો સામનો કરવો નહી પડે. રાસાયણિક ખાતરો અને દવાઓના વધતા ઉપયોગ સામે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, નાની ઉંમરે જોવા મળતા કેન્સર, ડાયાબિટીસ અને હાર્ટ એટેક જેવા રોગો પાછળ રાસાયણિક ખેતી એક મોટું કારણ હોઈ શકે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પોતે ગામેગામ જઈને ખેડૂતોને આ અંગે માર્ગદર્શન આપી રહ્યા છે. જમીનની ફળદ્રુપતા અને કાર્બનનું પ્રમાણ જાળવી રાખવા માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે. પર્યાવરણના પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ 'એક પેડ માં કે નામ' અભિયાનને વધુ વેગ આપવા જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને પોતાના ખેતરના શેઢે વધુમાં વધુ વૃક્ષો વાવી 'ગ્રીન કવર' વધારવા અપીલ કરી હતી, જેથી વાતાવરણમાં આવતા અનિયમિત ફેરફારો સામે રક્ષણ મેળવી શકાય. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરી હતી કે ગેસ સિલિન્ડર કે અન્ય આવશ્યક ચીજવસ્તુઓની અછત અંગેની અફવાઓથી દોરવાવું નહીં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ના મંત્ર સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. મજબૂત નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાત' થકી 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં ખેડૂતો પાયાની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ તકે કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ખેડૂત દેશના અર્થતંત્રનું હૃદય છે અને તેમની સુખાકારી એ અમારી સરકારની પ્રાથમિકતા છે. રાત-દિવસ મહેનત કરી સમગ્ર પરિવારનું ભરણપોષણ કરતા ખેડૂતોને આર્થિક ટેકો આપવા માટે આજે 'પીએમ કિસાન સન્માન નિધિ' યોજના અંતર્ગત ૨૨મો હપ્તો સીધો જ ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવ્યો છે. કુદરતી આફત હોય કે અન્ય કોઈ મુસીબત, સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી આર. સી મીણા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, અગ્રણી શ્રી આશિષભાઈ દવે, સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકી, મત્સ્યોદ્યોગ કમિશનર શ્રી વિજય ખરાડી, જિલ્લા કલેક્ટર શ્રી જે.એન. વાઘેલા સહિત ઉચ્ચ અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાની બે દિવસની મુલાકાતે પધારેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ પ્રથમ દિવસે ૬ મંદિરનું લોકાર્પણ કર્યુ

કમલમ્,ડાંગ,

ભારતના ૧૪માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી આજથી બે દિવસીય દંડકારણ્યની પાવન ધરા ડાંગ જિલ્લાના મહેમાન બન્યા છે, ત્યારે આ બે દિવસ દરમિયાન તેઓના વરદ હસ્તે કુલ ૮ હનુમાન મંદિરોનો ૨૫મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાય રહ્યો છે. ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ "ડાંગ પ્રયાગ હનુમાન યાગ" પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે શનિવારે આહવા તાલુકામાં આવેલા કુલ ૬ મંદિરનું લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમની સાથે ૩૧૧ મંદિર નિર્માણનો સંકલ્પ લેનાર રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા અને હનુમાન મંદિર નિર્માણના પ્રેરણામૂર્તિ ડાંગના પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપકશ્રી પી.પી.સ્વામીજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોના સર્વાંગી વિકાસ અને બાળકોમાં સંસ્કારના બીજ રોપાય તેમજ ગ્રામજનો વચ્ચે એકતા અને સંગઠનનો ભાવ વિકસે તે માટે સેવાના ભેખધારી અને રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ ડાંગના પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક શ્રી પી.પી.સ્વામીજી પાસેથી પ્રેરણા મેળવી ૩૧૧ મંદિર બનાવવાનો સંકલ્પ લીધો હતો. જે પૈકી અત્યાર સુધીમાં ૧૭૫ મંદિરો નિર્માણ થઈ ચૂક્યા છે.

મંદિર ક્રમાંક : ૧૬૮ થી ૧૭૫ - આઠ મંદિરોના ૨૫ માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આદિવાસી સંસ્કૃતિ સાથે ભવ્ય પ્રારંભ થયો હતો. પહેલા દિવસે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તેમની પત્ની અને પુત્રી, રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ અને દાતાશ્રીઓ સાથે બોરથડા, બહેડાનામાળ, ડોન, મુરમબારી, કોદમાળ અને કલમવિહિર ગામમાં નિર્માણ થયેલા હનુમાન દાદાના મંદિરોનું લોકાર્પણ કર્યુ હતું. ઉપરોક્ત ગામોમાં પૂર્વ રાષ્ટ્રપતિશ્રીનું આગમન થતા આદિવાસી બાંધવોએ ઉમેળકાભેર ડાંગી, પાવરી અને રામાયણ નૃત્ય કરી આદિવાસી વાજિંત્રોના તાલે સ્વાગત કર્યુ હતું. આ તબક્કે આદિવાસી સમાજની બહેનોએ સાત દિવસ અગાઉ ઉગાડેલા ધાન્ય (ડાંગી ભાષામાં ગવરાય)ને ટોકરીમાં લઈ પૂર્વ રાષ્ટ્રપતિશ્રીનું હર્ષોલ્લાસભેર સ્વાગત કર્યુ હતુ. પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અને રાજ્યસભાના સાંસદશ્રી એ પણ આ ધાન્યની ટોકરી માથા પર મૂકી આદિવાસી રંગે રંગાયા હતા. દરેક મંદિરોમાં હનુમાન દાદાની આરતી અને હનુમાન ચાલીસાનું પઠન કરી ધન્યતા અનુભવી હતી. આ મુલાકાત વેળા ગામમાં આદિવાસી સમાજના લાભાર્થીઓને સહાય પણ વિતરણ કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના ગામોમાં પ્રજાજનોની સુવિધા માટેના વિકાસકાર્યો અંગે પણ પૂર્વ રાષ્ટ્રપતિશ્રી એ માહિતી મેળવી હતી. આદિવાસી બાંધવોને સંબોધી પૂર્વ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે જણાવ્યું કે, બાળકો દેશનું ભવિષ્ય છે. આ જ બાળકમાંથી ભવિષ્યમાં કોઈ મુખ્યમંત્રી, વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ બની શકે છે. જેથી બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કારના પણ બીજ રોપાય એ જરૂરી છે. બાળકોને શિક્ષણથી વંચિત ન રાખતા એવી શીખ આપી વધુમાં જણાવ્યું કે, બાળકો શિક્ષણ મેળવશે તો જ ગામની, રાજ્યની અને રાષ્ટ્રની ઉન્નતી થશે. હનુમાનજીની ભક્તિ અને કૃપાથી તેઓ ઉત્તરપ્રદેશના એક નાનકડા ગામમાંથી રાજ્યસભા, રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની પદવી સુધી પહોંચી શક્યા હોવાનું જણાવ્યુ હતું. આ સાથે તેમણે ઉમેર્યું કે, તમારા ગામમાં હનુમાન દાદા બિરાજ્યા છે ત્યારે આપણા ગામમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ રહે એવી પ્રાર્થના કરીએ. જીવનમાં કોઈ પણ સંકટ આવે તો હનુમાનજીનું નામ લઈએ તો સંકટ દૂર થઈ જાય છે. વધુમાં તેઓએ પોતાના બાળપણના પ્રસંગો વર્ણાવતા જણાવ્યું કે, તેઓ જ્યારે બાળક હતાં ત્યારે ગામમાં આવેલ હનુમાનજી મંદિરમાં સૌથી પહેલી હરોળમાં ભજન માટે બેસતા, અને પાઠ અથવા કીર્તનની દરેક સ્પર્ધામાં તેઓ પ્રથમ નંબર મેળવતાં આ અંગેનો ઉલ્લેખ તેઓએ પોતાની આત્મકથામાં કર્યો છે. જે ટૂંક સમયમાં રિલીઝ કરવામાં આવનાર છે. વધુમાં તેમણે આ મંદિરોના નિર્માણનો શ્રેય મંદિર માટે જમીન દાનમાં આપનાર દાતાઓ અને ગોવિંદ કાકાને આપ્યો હતો. રાજ્યસભાના સાંસદશ્રી અને ૩૧૧ મંદિરના સંકલ્પકર્તા ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું કે, પુણ્યનો ઉદય થાય ત્યારે આપણા ગામની પાવન ધરા પર વિશેષ વ્યક્તિનું આગમન થતું હોઈ છે. પુણ્યના પ્રતાપરૂપે આજે પૂર્વ રાષ્ટ્રપતિશ્રીનું ગામમાં આગમન થયું છે. જે આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. આજે જે રીતે તમે બધાએ મહેનત કરી હનુમાન દાદાનું ઘર (મંદિર) બનાવ્યુ તેમ દાદાને પ્રાર્થના કરીએ કે, આપણા બધાના ઘર પણ પાક્કા બની જાય. તમને બધાને પ્રાર્થના છે કે, આજથી તમારા ગામમાં ભગવાન પધાર્યા છે તો બધા ગ્રામજનો વ્યસનમુક્ત રહે એવી આશા રાખું છું. આ વેળા 'ડાંગ પ્રયાગ, હનુમાન યાગ' ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ કાર્યના યજમાનો, દાતાઓ, તથા સેવાભાવી સ્વયંસેવકો, હનુમાનભકતો, તથા ગ્રામજનો સહિત શ્રી પી.પી.સ્વામીજી ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાંપી.એમ. કિસાન ઉત્સવ અને મિલેટ્સ મેળાની ઉજવણી અન્વયે જિલ્લાના૭૭ હજારથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૧૫.૫૬ કરોડ જમા કરાયા

જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીના અધ્યક્ષસ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો; વિવિધ પ્રદર્શન સ્ટોલ્સથી ખેડૂતોએ યોજનાકીય માર્ગદર્શન મેળવ્યું

કમલમ્,મોરબી,

મોરબીજિલ્લાના ખેડૂતોને આર્થિક સદ્ધરતા અને કૃષિ ક્ષેત્રે વૈજ્ઞાનિકમાર્ગદર્શન પૂરુંપાડવાના હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગોર ખીજડીયા ખાતે 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ' અને 'મિલેટ્સ મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પારેઘીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મોરબી જિલ્લાના ૭૭,૯૫૧ ખેડૂત લાભાર્થીઓના ખાતામાંપી.એમ. કિસાન સન્માન નિધિના ૨૨માં હપ્તા પેટે રૂ. ૧૫.૫૬ કરોડથી વધુની રકમ સીધી જ જમા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં જણાવામાં આવ્યું હતું કે, સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી તેમની આર્થિક ઉન્નતિ માટે કટિબદ્ધ છે. ખેડૂતોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી અપનાવવા અને જમીન તથા સ્વાસ્થ્યની સુરક્ષા કરવા આગ્રહ કરવામાં આવ્યો હતો. સરકારની વિવિધ સબસિડી અને યોજનાઓનો મહત્તમ લાભ લઈ ખેડૂતોએ પોતાની ખેતીને આધુનિક બનાવવા તરફ આગળ વધવા જણાવવામાં આવ્યું હતું. ઉપરાંત કૃષિ રાહત પેકેજમાં મોરબી ખેતીવાડી ટીમની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને ઉપસ્થિત ખેડૂતોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ તકે ખેડૂતો માટે ખેતીવાડી, બાગાયત, પ્રાકૃતિક કૃષિ અને આરોગ્ય સહિત વિવિધ વિભાગ દ્વારા પ્રદર્શન સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા, જેની મહાનુભાવોએ પણ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી અશોકભાઈ દેસાઈ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી હિમાંશુ ઉસદડીયા, નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) કે.વી. પરસાણિયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી એમ.એફ. ભોરણીયા, અને સંબંધિત વિભાગના અધિકારીઓ તથા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

સ્પીપા ખાતે 'અટલ વ્યાખ્યાનમાળા'ના સાતમા સંસ્કરણમાં રાષ્ટ્ર નિર્માણના વિઝન પર પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું

શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન જ 'વિકસિત ભારત'નો પાયોઃ ડો. અચ્યુત દાણી

કમલમ્,

અમદાવાદના સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) ખાતે સામાન્ય વહીવટ વિભાગ (ARTD) દ્વારા 'અટલ વ્યાખ્યાનમાળા'નું સાતમું સંસ્કરણ સફળતાપૂર્વક યોજાયું હતું. અટલ બિહારી વાજપેયીજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે જે.જી. યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ અને પ્રોવોસ્ટ ડૉ. અચ્યુત દાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શિક્ષણ અને સુશાસનના માધ્યમથી 'વિકસિત ભારત'ના લક્ષ્યને સાકાર કરવા અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન ડૉ. અચ્યુત દાણીએ જણાવ્યું હતું કે શિક્ષણ એ એકમાત્ર એવી શક્તિ છે જે સમાજમાં વ્યાપક પરિવર્તન લાવી શકે છે. અટલ બિહારી વાજપેયીજીના વિચારોને ટાંકીને તેમણે ઉમેર્યું કે આ વિચારધારા જ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વર્ષ ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાનો મુખ્ય આધાર છે. તેમણે વધુમાં જણાવ્યું કે શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવા પૂરતું સીમિત ન હોવું જોઈએ, પરંતુ તે રાષ્ટ્ર નિર્માણ, ચારિત્ર્ય નિર્માણ અને સંવેદનશીલ નાગરિકોના ઘડતરનું માધ્યમ બનવું જોઈએ. શિક્ષણ ક્ષેત્રે સુશાસન (Good Governance) વિશે વાત કરતા ડૉ. દાણીએ જણાવ્યું કે શાસન વ્યવસ્થાએ હવે ચુસ્ત નિયંત્રણના બદલે પરસ્પર સંવેદના અને સામૂહિક જવાબદારી તરફ વળવું જોઈએ. આજના યુગમાં નેતૃત્વની સાચી વ્યાખ્યા માત્ર સૂચનાઓ આપવી નહીં, પરંતુ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવાની છે તેમ જણાવતા તેમણે સુશાસનના અમલીકરણ માટે "TILAK" માળખું રજૂ કર્યું હતું. આ માળખામાં પારદર્શિતા (Transparency), સર્વસમાવેશકતા (Inclusivity), લાંબા ગાળાનું આયોજન (Long-term Blueprint), જવાબદારી (Accountability) અને માયાળુતા (Kindness) ના પાંચ સ્તંભોનો સમાવેશ થાય છે. ડૉ. અચ્યુત દાણીએ સમજાવ્યું કે સર્વસમાવેશકતા એ સુનિશ્ચિત કરે છે કે પ્રગતિના ફળ 'શહેરી ભારત' અને 'ગ્રામીણ ભારત' બંને સુધી સમાનરીતે પહોંચે. ટેકનોલોજીના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે ઉમેર્યું કે ટેક્નોલોજી વહીવટી વિલંબ ઘટાડવા અને સચોટ નિર્ણયો લેવા માટેનું સશક્ત માધ્યમ છે, પરંતુ તેનો ઉપયોગ માનવીય સ્પર્શ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંવાદને જીવંત રાખવા માટે થવો જોઈએ. આ પાયાના સ્તંભો દ્વારા જ એવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકાશે જે દરેક નાગરિકને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવા સશક્ત બનાવશે. ઉલ્લેખનીય છે કે મુખ્ય વક્તા ડૉ. અચ્યુત દાણી શિક્ષણ અને ઉદ્યોગ જગતમાં ૨૧ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે અને તેમણે હજારો વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. એક પ્રતિષ્ઠિત લેખક અને સ્ટાર્ટઅપ મેન્ટર તરીકે સેવા આપતા ડૉ. દાણીને તેમની વિશિષ્ટ સેવાઓ બદલ 'ભારત જ્યોતિ એવોર્ડ' અને 'ભારત ગૌરવ એવોર્ડ' જેવા પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયા છે. આ કાર્યક્રમ સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી હારિત શુક્લા અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી સી.સી. કોટકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે સ્પીપાના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી સી.સી. કોટક, નોલેજ મેનેજર શ્રી ઋતા ભટ્ટ, જોઈન્ટ ડાયરેક્ટર (રેવન્યુ) શ્રી એ.એ. ડોડિયા, નાયબ નિયામક (હિસાબ) શ્રી હાર્દિક પ્રજાપતિ, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી ધરતી શાહ સહિત સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ, તાલીમાર્થીઓ અને શિક્ષણ જગતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બીબીએ કોલેજ દ્વારા ફાઈનલ વર્ષનાં વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અનુભવ વર્ણવતા ભાવુક થયા

કમલમ્,

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓ કોલેજમાં ત્રણ વર્ષ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્નાતકની પદવી મેળવવા જઈ રહેલ વિદ્યાર્થીઓને કોલેજ આજે તેમની ઉજ્જવળ કારકિર્દી માટે વિદાય આપી રહી છે. ત્રણ વર્ષ દરમ્યાન કૉલેજમાં રહી અનેક બાબતો અભ્યાસક્રમ તેમજ અન્ય પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓ જે શીખ્યા તે શિક્ષાને હવે તેઓએ સમાજ જીવનમાં તેમજ પ્રોફેશનલ કારકિર્દીમા અમલીકરણ કરવાનું છે. અત્રે બીબીએ નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે અનુસ્નાતક કોર્સની પસંદગી કરશે જ્યારે કેટલાક પોતાના વ્યવસાય કે નોકરીની શરૂઆત પણ કરશે કોલેજ આ તમામ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવે છે.આજનો સમગ્ર કાર્યક્રમ દ્વીતીય તેમજ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. જે તેઓની સંચાલન શક્તિનું સુંદર ઉદાહરણ પૂરુ પાડે છે.વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ દ્વારા પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યુ હતુ. કે કોલેજનાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે.તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે.તેમા કોલેજનો અમૂલ્ય ફાળો છે.જે ને હંમેશા વિદ્યાર્થીઓ યાદ રાખશે.કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવાનું જણાવ્યુ હતુ. કોરોનાની મહામારી વચ્ચે અનેક પારિવારિક સહિતની મુશ્કેલીઓ વચ્ચે આપ સૌએ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો અત્રે આપ સૌ યોગ્ય અભ્યાસ કરી બીબીએની ડિગ્રી મેળવવા જઈ રહ્યા છો ત્યારે વિદ્યાર્થીઓને અભિનંદનની સાથેસાથે તેમની પાસે કારકિર્દી માટેની અનેક તકો ઉપલબ્ધ છે.જેનો ઉપયોગ કરવા જણાવ્યુ હતુ.સાથેસાથે વધુમાં જણાવ્યું હતુંકે કોઈપણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓની તેમના કારકિર્દીના ઘડતર માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે કોલેજ તેમણે માર્ગદર્શન આપવા તત્પર રહેશે.ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના એટીકેટસ દ્વારા ઉજ્જ્વળ કારકિર્દીનુ ઘડતર કરવા જણાવ્યુ હતુ.કોલેજ દ્વારા ત્રણ વર્ષ દરમ્યાન શીખવેલ વિવિધ વિષયોનો વ્યાવસાયિક ઉપયોગ માટે પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓએ તેમના તમામ અધ્યાપકો તેમજ કોલેજના બિનશૈક્ષણીક સ્ટાફ પ્રત્યે આભારની લાગણી તેમના અભિપ્રાયમા વ્યક્ત કરી હતી તેમજ વિદ્યાર્થીઓ ખૂબ ભાવુક થઈ ગયા હતા વિદ્યાર્થીઓએ વિદાય સમારોહમા સાંસ્કૃતીક કાર્યક્રમમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિ રજૂ કરી હતી જ્યારે ૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ કમિટીમાં રહી સમગ્ર ઈવેંટનુંસફળતાપૂર્વક મેનેજમેંટ કરવા માટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનુંસંકલન ડો.નીરવ જોશી દ્વારા કરવામાં આવ્યું હતુ.સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, ડૉ.નીરવજોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યુ હતુ.

ભરૂચમાં ઉજવાયો ‘વિકાસ ઉત્સવ’: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાને રૂ. ૧૩૫૦.૬૮ કરોડના ૧૩૯ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરી

ભરૂચથી મુખ્યમંત્રીશ્રીએ અંકલેશ્વર-રાજપીપલા હાઈસ્પીડ કોરિડોર અને એર સ્ટ્રીપ ફેઝ-૨ સહિતના મેગા પ્રોજેક્ટ્સનું કર્યું ખાતમુહૂર્ત

વિકાસના કામો માટે નાણાની ક્યારેય કમી ન રહે તેવું સુદ્રઢ આયોજન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે કર્યું છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્, ભરૂચ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના સર્વાંગી વિકાસને નવી ગતિ આપતા રૂ.૧૨૪૮.૫૭ કરોડના ૭૩ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૧૦૨ કરોડના ૬૬ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરી ભરૂચના નાગરિકોને કુલ અંદાજિત રૂ. ૧૩૫૦.૬૮ કરોડના કુલ ૧૩૯ વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય, રોડ નેટવર્ક, ખેતી, ઉદ્યોગ જેવા વિકાસના કોઈપણ કામ માટે નાણાની ક્યારેય કમી ન રહે તેવું સુદ્રઢ આયોજન વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારે કર્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને એક્સલન્સ સુધી અને પ્લેગ્રાઉન્ડથી લઈને પ્લગ એન્ડ પ્લે સુધીનો સર્વગ્રાહી વિકાસ વડાપ્રધાનશ્રીના ડેવલપમેન્ટ મિશનથી થઈ રહ્યો છે, ત્યારે શહેર-જિલ્લામાં જનપ્રતિનિધિઓની નવા વિકાસકામો માટેની રજૂઆત, લાગણી અને માંગણીને પૂર્ણ કરવા રાજ્યસરકાર હરહંમેશ તત્પર છે. ભરૂચના ઝાડેશ્વર સ્થિત સ્વામિનારાયણ મંદિર સંકુલમાં આરોગ્ય રાજ્યમંત્રી અને ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ભરૂચ જિલ્લામાં આજે લોકાર્પિત અને ખાતમુહૂર્ત થયેલા માતબર રકમના પ્રોજેક્ટ્સ નાગરિકોના ‘ઈઝ ઓફ લિવિંગ’માં નોંધપાત્ર વધારો કરશે. માળખાગત સુવિધાઓથી લઈને શિક્ષણ અને આરોગ્ય સુધીના તમામ ક્ષેત્રોમાં થયેલા આ કામો ભરૂચના વિકાસમાં ચાવીરૂપ બનશે. પૂણ્ય સલિલા મા નર્મદાના પાવન તટેથી કરોડોના વિકાસકામોની ભેટ આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભરૂચ જિલ્લામાં આજે લોકાર્પિત અને ખાતમુહૂર્ત થયેલા આ પ્રોજેક્ટ્સ નાગરિકોના ‘ઈઝ ઓફ લિવિંગ’માં નોંધપાત્ર વધારો કરશે માળખાગત સુવિધાઓથી લઈને સ્પોર્ટ્સ, પરિવહન, શિક્ષણ અને આરોગ્ય સુધીના તમામ ક્ષેત્રોના શ્રેણીબદ્ધ પ્રકલ્પો ભરૂચ જિલ્લાના વિકાસમાં ચાવીરૂપ બનશે. મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળના વિકટ દિવસોની યાદ અપાવતા કહ્યું કે, ૧૯૬૦માં જ્યારે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારે સંસાધનોની અછત હતી, દૂર દૂર સુધી વિકાસની સંભાવના નજરે પડતી નહતી, પરંતુ ૨૦૦૧થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની જે રાજનીતિ શરૂ કરી તેનાથી રાજ્ય આજે આત્મનિર્ભર બન્યું છે. વર્ષ ૨૦૦૧માં રાજ્યનું બજેટ માત્ર રૂ.૩૬,૦૦૦ કરોડ હતું, જે આજે વધીને રૂ.૪ લાખ કરોડને પાર થયું છે. ઔદ્યોગિક હબ તરીકે ઉભરેલા ભરૂચના વિકાસને વધુ વેગવાન બનાવવા સાથે ભરૂચની એર અને રોડ કનેક્ટિવિટી વધારવા માટે મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યકત કરતા કહ્યું કે, ભરૂચ, અંકલેશ્વર, દહેજ અને સાયખા જેવા ઔદ્યોગિકવિસ્તારોને વૈશ્વિક સ્તરે જોડવા માટે અંકલેશ્વરમાં એરપોર્ટ ડેવલપમેન્ટનું કામ શરૂ કરાયું છે. અંકલેશ્વર-રાજપીપળાના ૪૪ કિમી લાંબા રોડને રૂ.૭૬૦ કરોડના ખર્ચે હાઈ-સ્પીડ કોરિડોરમાં અપગ્રેડ કરવાની કામગીરીનો આરંભ થયો છે, જેનાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) સુધી પહોંચવું સરળ બનશે. લોજિસ્ટિક્સ સુવિધા માટે ભરૂચ-દહેજ રોડને એક્સેસ કંટ્રોલ એક્સપ્રેસવે બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. એકસમયે ભરૂચ જિલ્લા પંચાયતનું બજેટ ૩૦૦ કરોડ જેટલું હતું, જ્યારે આજે એક જ દિવસમાં જિલ્લા પંચાયત દ્વારા રૂ.૩૦૯ કરોડના કામોની ભેટ આપવામાં આવે છે. વિકાસની રાજનીતિ અને પ્રજાહિતના વિઝનનું આ જીવંત ઉદાહરણ હોવાનું તેમણે ઉમેર્યુંહતું. રમત-ગમત અને યુવા શક્તિ ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા અભિયાનને વેગ આપવાના હેતુ સાથે ભરૂચમાં નવા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ થકી ૨ લાખથી વધુ યુવાનોના સપના સાકાર થશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ૨૦૩૦માં જ્યારે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ રમતો યોજાવાની છે, ત્યારે આવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પ્રતિભાશાળી નવયુવાનોને ઉમદા પ્લેટફોર્મ પૂરું પાડશે. વિશ્વમાં ગ્લોબલ કેમિકલ હબ તરીકે ખ્યાતિપ્રાપ્ત ભરૂચ જિલ્લાના જંબુસરમાં એક હજાર એકરમાં દેશનો પ્રથમ બલ્ક ડ્રગ્સ પાર્ક આકાર લઈ રહ્યો છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભરૂચ, નેત્રંગ, રાજપારડી અને જંબુસર ખાતે રૂ. ૫૦ કરોડના ખર્ચે બનનારા કોમર્શિયલ શોપિંગ સેન્ટર કમ રેસ્ટ હાઉસ સ્થાનિક વેપાર અને મુલાકાતીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. મા નર્મદાની પરિક્રમા કરતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે ભરૂચ અને ઝઘડિયામાં ૮ અલગ-અલગ સ્થળોએ વિશ્રામ હોલના નિર્માણથી શ્રદ્ધાળુઓ માટે પરિક્રમા વધુ આરામદાયક બનશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજીયન હબમાં સરકારે ભરૂચનો સમાવેશ કર્યો છે, અને તેના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે તાજેતરમાં જ રૂ.૧૧૮૫ કરોડ મંજૂર કર્યા છે, ત્યારે ડબલ એન્જિન સરકારના પ્રયાસોથી વિકાસની ગતિ પણ ડબલ થઈ રહી છે, એમાં જણાવી ’વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’નો સંકલ્પ સાકાર કરવા સૌને યોગદાન આપવા આહવાન કર્યું હતું. ગુજરાતના આરોગ્ય રાજ્યમંત્રીશ્રી અને ભરૂચ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ પોતાના ઉદબોધનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલી વિવિધ વિકાસ કાર્યોની વણથંભી વણઝારની વિગતવાર વાત કરી હતી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની સાચી પરિભાષા ગુજરાતમાં શરૂ કરાવી હતી. જેને આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગ્રામ પંચાયતના સરપંચથી લઈને સાંસદ સુધીના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ જિલ્લાના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે, એમ કહી પ્રધાનમંત્રીશ્રીએ ભારતીય સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ થકી વિશ્વને વસુધૈવ કુટુંબકમ અને બહુજન હિતાય-બહુજન સુખાયનો નારો આપ્યો છે, જેને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે. સરકાર હંમેશાં અંત્યોદયના હિતમાં કાર્ય કરી દરેક યોજના સાચા લાભાર્થી સુધી પહોંચે તે દિશામાં કાર્ય કરી રહી છે. ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે, ભરૂચ જિલ્લામાં ગેર કાયદેસર થતું રેતી ખનન અટકાવી ભુમાફિયાઓ પર સરકાર દ્વારા કરાયેલી કડક કાર્યવાહીની ભરપૂર પ્રસંશા કરી હતી અને આ કાર્યવાહી દરમિયાન વસુલવામાં આવેલા દંડની રકમમાંથી ભરૂચ જિલ્લાના વિકાસ કાર્યોમાં આર્થિક સહયોગ મળી રહ્યો છે. જેનો સીધો લાભ સામાન્યનાગરિકોને મળી રહ્યો છે. સાથોસાથ ભરૂચ જિલ્લાના આંતરિક રસ્તાઓ, હાઈવેની કામગીરી ખૂબ ચોકસાઈથી અને ઝડપભેર કરતા આ માળખાગત સુવિધાના કારણે જિલ્લાની ઔદ્યોગિકવસાહતોના વિકાસ અને વિસ્તરણને વેગ મળ્યો છે. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વાંસદિયાએ સ્વાગત પ્રવચન કરતાં કાર્યક્રમની રૂપરેખા આપી જિલ્લામાં વહી રહેલી વિકાસની સરવાણી અંગે વિગતવાર જાણકારી આપી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય સવશ્રીઓ શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી અરૂણસિંહ રણા, શ્રી રિતેશભાઈ વસાવા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વિભૂતિબા યાદવ, જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કપસે, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરશ્રી સી.પી.પટેલ, જિલ્લાના અગ્રણીશ્રી પ્રકાશભાઈ મોદી, પૂર્વ સાંસદ શ્રી ભરતસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય શ્રી દૂષ્યન્તભાઈ પટેલ, શ્રી મારુતિસિંહ અટોદરિયા, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સહિત જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક જીવન ખરા અર્થમાં સ્વર્ગ સમાન છે, તેની સમીપ રહેવાથી જીવન સ્વસ્થ, શાંત અને સૌભાગ્યશાળી રહે છેઃ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

આરતી અને હનુમાનજી ચાલીસાનું પઠન થતા સમગ્ર ડાંગ જિલ્લો જયશ્રી રામ અને હનુમાન દાદાના જયજયકાર સાથે ગુંજી ઉઠ્યો

કમલમ્, ડાંગ,

"પ્રાકૃતિક જીવન ખરા અર્થમાં સ્વર્ગ સમાન છે. તેની નજીક રહેવાથી જીવન સ્વસ્થ, શાંત અને સૌભાગ્યશાળી રહે છે. શહેરમાં લોકો બીમારી અને ચિંતાથી પીડાઈ છે, ત્યારે ડાંગ જિલ્લાના આવા વાતાવરણમાં સાચુંસુખ અને આનંદ મળે છે. પ્રકૃતિ આપણને અનુશાસન શીખવે છે. ભગવાન રામે પણ પ્રકૃતિના સાંનિધ્યમાં રહેવાનું પસંદ કર્યું હતું. રાષ્ટ્રપતિ તરીકેના કાર્યકાળમાં આવવાનો સંયોગ ન રચાયો પણ આજે હનુમાન દાદાની કૃપાથી અહીં આવવાનું મને સૌભાગ્ય મળ્યુંછે." ઉપરોક્ત શબ્દો સંપૂર્ણ આદિવાસી અને દંડકારણ્યની પાવન ધરા પર ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ "ડાંગ પ્રયાગ હનુમાન યાગ"ના ૧૭૫માં હનુમાન મંદિરના લોકાર્પણ સમારોહ પ્રસંગે ઈસદર ગામે પધારેલા ભારતના ૧૪માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજીએ ઉચ્ચાર્યા હતા. પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ શુભાષિશ પાઠવતા વધુમાં જણાવ્યું કે, આજે ગામમાં હર્ષોલ્લાસ સાથે હનુમાનદાદાની ભક્તિ જોઈ મનને પરમ શાંતિની થઈ છે. આ રાષ્ટ્રભક્તિનું પરમ ઉદાહરણ છે. ગતરોજથી અનેક મંદિરોમાં જવાનું સૌભાગ્ય મળ્યું છે ત્યારે મને મારુ બાળપણ યાદ આવી ગયુંહતું. મારા ગામમાં પણ હનુમાનજી દાદાનું મંદિર હતું જેમાં હું નિયમિત હનુમાન ચાલીસાના પાઠ કરતો હતો. હનુમાન ચાલીસાના પઠન અંગે સ્પર્ધા પણ થતી જેમાં હું પ્રથમ નંબરે આવતો હતો. હનુમાન દાદા સંકટ મોચન છે, સમર્પણ ભાવથી નિયમિત તેમની પૂજા કરવાથી કૃપા થાય છે, જેના પ્રતાપે હું રાષ્ટ્રપતિના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યો હતો. આપણા હનુમાનદાદા માત્ર ભારત પૂરતા સીમિત નથી પરંતુ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામા પણ અતૂટ શ્રદ્ધા ધરાવે છે. હનુમાનજી મહારાજ સમગ્ર વિશ્વના અધિષ્ઠાતા દેવ છે. હનુમાનજી દાદાના સાદગી, સરળતા અને ભોળપણના ગુણ આજેપણ ડાંગની પ્રજામાંજોવા મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ઉલ્લેખ કરતા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, મારા પિતાજી અલગ અલગ તીર્થ સ્થળોએ જતા ત્યાંથી પથ્થર લઈ આવતા અને તેનું મંદિર બનાવી પૂજા કરતા હતા. આ મંદિરની વડાપ્રધાનશ્રીએ પણ મુલાકાત લઈ દર્શન કર્યા હતા. દીકરીઓના શિક્ષણ પર ભાર મૂકી પોતાનું દ્રષ્ટાંત આપતા વધુમાં તેમણે જણાવ્યું કે, મારા ગામમાં દીકરીઓને શિક્ષણ મળે એ માટે મારા સાંસદ તરીકેના કાર્યકાળમાં બે કન્યા વિદ્યાલયો બનાવ્યા હતા. તેની પણ મોદીજીએ મુલાકાત લીધી હતી. રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈના સેવા કાર્યોને બિરદાવતા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, ગોવિંદકાકા એ માત્ર ડાંગ જિલ્લામાં જ ૩૧૧ મંદિર બનાવવાનો સંકલ્પ લઈ શ્રીગણેશ કર્યા છે. પરંતુ તેમના આ સેવાભાવને લાભ સમગ્ર ગુજરાત અને દેશના લોકોને મળે તે માટે દેશભરમાં મંદિરો બનાવવાના ભગીરથ કાર્યમાં આગળ વધે તેવી શુભેચ્છા પાઠવું છું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે શબરી ઘરે રામ પધાર્યાનું ભજનની પંક્તિ ગાઈ ડાંગ જિલ્લામાં દેશના ૧૪માં રાષ્ટ્રપતિ પધાર્યા તે અંગેનો અહોભાવ પ્રગટ કરી મંદિરોના નિર્માણથી ગામોમાં એકતા અને સંગઠનની તાકત વધી રહી હોવાની સાથે ગામો વ્યસનમુક્ત બની રહ્યા હોવાની ખુશી વ્યક્ત કરી હતી. રાજ્યસભાના સાંસદ અને ૩૧૧ મંદિરના સંકલ્પકર્તા શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ જણાવ્યુંકે, આજે ડાંગની ધરતી પર દેશના ૧૪માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી પધાર્યા છે તે ભગવાનની કૃપાથી શક્ય બન્યું છે. આ તમારા તપનુંપરિણામ છે. શ્રી પી.પી.સ્વામી ડાંગમાં આવ્યા ન હોત તો આ ભગીરથ કાર્ય શક્ય બન્યું ના હોત. આ મંદિરના નિર્માણ માટે સહયોગી દાતાઓ મળી કુલ ૩૦૦ પરિવાર ડાંગ જિલ્લાના વિકાસ માટે તમારી સાથે જોડાયા છે. ડાંગ જિલ્લામાં ૩૧૧ હનુમાન મંદિરના પ્રેરણામૂર્તિ શ્રી પી.પી.સ્વામીજીએ જણાવ્યું કે, ગામોમાં મંદિરો બનવાથી માત્ર પૂજાપાઠ જ નહીં, પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય અને શિક્ષણ સહિતના કાર્યો તેમજ ગામના સામાજિક કાર્યો પણ થઈ રહ્યા છે. મંદિરો બનવાથી ગામડામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. મંદિરો દ્વારા ગામોમાં ભક્તિ અને સંસ્કારનું સંવર્ધન થઈ રહ્યું છે. આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીના હસ્તે ૧૭૫ માં મંદિરનું લોકાર્પણ થઈ રહ્યું છે. ડાંગ જિલ્લામાં કુલ ૩૧૧ ગામો છે, જેમાં ૩૪૫ મંદિરોનું નિર્માણ થશે. જેનાથી ગામમાં સંપ અને એકતા વધશે. ધર્મનો ભાવ વધુ સુદ્રઢ બનશે. સમારોહના પ્રમુખ અશ્વિન દેસાઈ, મુખ્ય મહેમાન ગૌતમ શાહ, અતિથિ વિશેષ રાકેશ દુધાતે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિશ્રી તેમના પરિવાર સાથે ડાંગના મહેમાન બન્યા છે ત્યારે બીજા દિવસે રવિવારે વધુ બે હનુમાન મંદિર મળી કુલ ૮ મંદિરનો ૨૫ મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આહવા તાલુકાના ઈસદર ગામમાં ધામધૂમથી યોજાયો હતો. સતત બે દિવસથી ડાંગ જિલ્લાના ગામે ગામ હનુમાનજી મંદિરના લોકાર્પણ પ્રસંગે આરતી અને હનુમાનજી ચાલીસાનું પઠન થતા સમગ્ર ડાંગ જિલ્લો જયશ્રી રામ અને હનુમાન દાદાની જયજયકાર સાથે ગુંજી ઉઠ્યો હતો. બીજા દિવસે સવારે પૂર્વ રાષ્ટ્રપતિશ્રીના વરદહસ્તે અને ૩૧૧ મંદિરના સંકલ્પકર્તા અને રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયા તેમજ પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક શ્રી પી.પી.સ્વામીજીની પ્રેરક ઉપસ્થિતિમાં ટોકરદહાડ અને ઈસદર ગામે હનુમાન મંદિરનું સંપૂર્ણ ભક્તિભાવ અને આદિવાસી સંસ્કૃતિના દર્શન સાથે લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. આ વેળા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીના પત્ની અને પુત્રીએ માથા પર આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન ધાન્ય (ગવરાય)ની ટોકરી માથા પર ચડાવી ધન્યતા અનુભવી હતી. મંદિર માટે જમીન દાનમાં આપનાર ગામના ભૂમિદાતાઓનું પૂર્વ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણ કેટેગરી મારુતિ મંદિર, મહાબલી મંદિર અને બાહુબલી મંદિરના નિર્માણ માટે સહયોગી દાતાશ્રીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ૩૧૧ મંદિરના સંકલ્પથી સિદ્ધિ સુધીની સફરની ડોક્યુમેન્ટરી પણ પ્રદર્શિત કરાઈ હતી. તો મહાનુભાવો સમક્ષ ડાંગના સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ હનુમાન યાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં એકતા, આદિવાસી સંસ્કૃતિનું સંવર્ધન, આ ધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને ભક્તિભાવનો અનોખો માહોલ સર્જાયો હતો. જેના દ્વારા નવી પેઢી પણ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાઈ હતી.

ગૌશાળા-પાંજરાપોળની નોંધણીની સમયમર્યાદા વધારીને ‘મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના’ના કાર્યક્ષેત્રમાં વધારો કરાયોઃ પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

હવે ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી તમામ ગૌશાળા-પાંજરાપોળને મળશે ’મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના’નો લાભ

રાજ્ય સરકારના આ નિર્ણયથી ૧૦૦થી વધુ નવી સંસ્થાઓને અંદાજે રૂ. ૧૦ કરોડની વધારાની સહાય મળશે

માત્ર ત્રણ જ વર્ષમાં રાજ્યની ૧૬૦૦ સંસ્થાઓના ૪.૫૦ લાખથી વધુ પશુઓ માટે રૂ. ૧,૩૬૪ કરોડની સહાય ચૂકવાઈ

કમલમ્,

ગુજરાતના પશુપાલકો અને ગૌસેવા કરતી સંસ્થાઓના હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઉમદા નિર્ણય લીધો છે. રાજ્યના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, “મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના” હેઠળ સહાય મેળવવાની પાત્રતાના નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારો કરીને રાજ્યની વધુમાં વધુ પાંજરાપોળ-ગૌશાળાને આ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અંબાજી ખાતેથી વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

જે અંતર્ગત રાજ્યની પાંજરાપોળ-ગૌશાળાને પશુ નિભાવ માટે એક પશુ દીઠ દૈનિક રૂ. ૩૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ થી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજ્યની ૧૬૦૦થી વધુ સંસ્થાઓના ૪.૫૦ લાખથી વધુ પશુઓ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧,૩૬૪ કરોડ જેટલી માતબર રકમની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજનાના નિયમ મુજબ, જે સંસ્થાઓની નોંધણી પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ તા. ૩૧-૦૩-૨૦૨૨ પહેલા થઈ હોય તેમને જ આ સહાય મળવાપાત્ર હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પછી નોંધાયેલી ગૌશાળા-પાંજરાપોળને આ સહાય ન મળતી હોવાથી રાજ્યની વિવિધ સંસ્થાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થાઓની રજૂઆતોને હકારાત્મક વાચા આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદાર અભિગમ દાખવી ટ્રસ્ટ નોંધણીની મર્યાદા વધારવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે આગામી નાણાકીય વર્ષ એટલે કે, તા. ૦૧-૦૪-૨૦૨૬થી, જે સંસ્થાઓની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં નોંધણી થયેલી હશે, તેવી તમામ ગૌશાળા-પાંજરાપોળો આ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે. નોંધણીની સમયમર્યાદા વધારવાના કારણે રાજ્યની વધુ ૧૦૦ જેટલી ગૌસેવી સંસ્થાઓ આ યોજનાનો લાભ લઈ શકશે.

આ સુધારાથી અંદાજે રૂ. ૧૦ કરોડ જેટલી વધારાની સહાય આ સંસ્થાઓ દ્વારા નિભાવવામાં આવતા પશુઓ માટે ચૂકવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પશુપાલન મંત્રીશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, ગૌશાળા અને પાંજરાપોળ દ્વારા પશુઓની જાળવણીની જે સેવાભાવી પ્રવૃત્તિ થાય છે, તેને આર્થિક બળ પૂરું પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય આ નિર્ણયથી સાચા અર્થમાં ચરિતાર્થ થયો છે.

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગર ખાતે “AVISHKAR AI MARATHON” ટેકનીકલ ઈવેન્ટનું" આયોજન કરવામાં આવ્યું

કમલમ્,

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગર ખાતે તારીખ ૧૨ અને ૧૩ માર્ચ ૨૦૨૬ ના રોજ “AVISHKARAI MARATHON” ટેકનીકલ ઈવેન્ટ નું" આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૨ થી વધુ ટીમો કે જેમાં ૩૬૮ થી વધારે વિદ્યાર્થીઓ એ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા વિવિધ એરિયા જેવા કે હેલ્થ કેર એજ્યુકેશન, મોબિલિટી, એગ્રીકલ્ચર, ફાઈનાન્સ અને સાઈબર સિક્યુરિટી “AI Tools” ની મદદથી ઉપરોક્ત એરિયામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ એપ્લિકેશન બનાવવામાં આવી. AI જેવી આધુનિક ટેકનોલોજી પર વિદ્યાર્થીઓ એ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ પર સતત ૪૮ કલાક અવિરત કાર્યરત રહીને પોતપોતાનું ઉત્કર્ષ પર્ફોર્મન્સ બતાવ્યુ હતું. વુમન્સને એમ્પાવર કરવા માટે કૉલેજની વિદ્યાર્થીનીઓ ના જે સ્ટાર્ટઅપ છે એને એક પ્લેટફોર્મ આપીને સોકેસ કરવામાં આવ્યું.

“AI Tools” ને સમજવા માટે ફ્રી ઓફ કોસ્ટ “AI Tools”ના વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું સંસ્થા એ વિવિધક્ષેત્ર ના ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ દ્વારા ૯૨ ટીમો ના પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ નું અવલોકન કરાવ્યુ હતું અને પ્રથમ ૩ વિજેતા ટીમો ને સર્ટિફિકેટ, મેડલ અને સારી એવી કેશપ્રાઈસની ભેટ આપી તથા ભાગલેનાર દરેક વિદ્યાર્થીઓ ને સર્ટિફિકેટ આપી તેઓ નું સન્માન કર્યું હતું. સંસ્થા ના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર સાહેબશ્રી ધર્મેશ વંડરા એ વિદ્યાર્થીઓ ને ખુબ શુભકામનાઓ આપી હતી તેમજ એ પ્રોગ્રામ ને સફળ બનાવા માટે અથાત પરિશ્રમ કરી રહેલા સર્વે સ્ટાફ મિત્રો અને તમામ વિદ્યાર્થીઓ ની ખુબ જ પ્રશંસા કરી હતી, આ સાથે સંસ્થા ના પ્રિન્સિપાલ સાહેબ શ્રી વિક્રમ પટેલ એ વિદ્યાર્થીઓ ને મોટીવેટ કર્યા હતા ને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે પંચમહાલના શહેરા ખાતેથી રૂપિયા ૭૩૨ કરોડના ૧૧૨ પ્રજાલક્ષી વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

કમલમ્, પંચમહાલ

પંચમહાલ જિલ્લાના રૂપિયા ૭૩૨ કરોડની રકમના કુલ ૧૧૨ જેટલા વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તપ્રસંગે શહેરા તાલુકાના કેશવ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પંચમહાલની પાવન ધરતી પર બિરાજમાન પાવાગઢ શક્તિપીઠ અને મહાકાળી માતાના ચરણોમાં વંદન કર્યા હતા. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૫૦૦ વર્ષ બાદ પાવાગઢ પર થયેલ ધજારોહણ એ આસ્થા અને વિકાસના સમન્વયનું પ્રતીક છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે સંત પૂ.રંગ અવધૂત મહારાજ, ઠક્કરબાપા, મહાત્મા ગાંધી અને સરદાર પટેલના પંચમહાલ સાથેના જોડાણને યાદ કરી આઝાદીની લડતમાં જિલ્લાનો નોંધપાત્ર ફાળો રહ્યો છે તેમ ગૌરવભેર જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આદિજાતિ સમાજના ઉત્થાન માટે વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિ થકી અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર પૂર્વ પટ્ટામાં વનબંધુ કલ્યાણ યોજના દ્વારા જે કાયાકલ્પ કરવામાં આવ્યો છે તે દર્શાવે છે કે વિકાસની મુખ્ય ધારામાં છેવાડાના માનવીને જોડવો એ જ સરકારની પ્રાથમિકતા છે.

તેમણે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે જાહેર કરાયેલી જનજાતીય કલ્યાણ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂપિયા ૦૨ લાખ કરોડ વાપરીને અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, આવાસ અને આજીવિકાના ક્ષેત્રો પૂર્વ પટ્ટાનું એકદમ પુનઃવસન કરશે. જેના થકી સમગ્ર આદિવાસી પટ્ટીમાં સુખના સુરજ લાવશે.

આરોગ્ય ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સુવિધાઓ અંગે જાહેરાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં યુવા ડોક્ટરો પોતાની હોસ્પિટલ શરૂ કરી શકે તે માટે બજેટમાં રૂપિયા ૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જેથી અંતરિયાળ વિસ્તારોમાં મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલોની સંખ્યા વધશે અને સ્થાનિક લોકોને ઘરઆંગણે શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રીશ્રીએ લોક કલ્યાણ અને આદિજાતિ વિસ્તારના વિકાસ માટે સરકાર સદૈવ કટિબદ્ધ છે તેમ જણાવી વડાપ્રધાનશ્રીની પાણી એ વિકાસના પાયાની શરત છે તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પંચમહાલ જિલ્લામાં પાનમ જળાશય આધારિત પૂર્વ પટ્ટી ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે જેના દ્વારા જિલ્લાના ૭૯ ગામોના ૧૩૦ તળાવો ભરાશે, જેનાથી ૮૬ હજાર એકર જમીનને સિંચાઈનો લાભ મળશે.

તેમણે વડાપ્રધાનશ્રીના 'કેચ ધ રેઈન' અભિયાન પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, જળસ્તર ઊંચા લાવવા માટે રાજ્ય સરકાર મક્કમ છે. સ્થાનિક સ્તરે રિચાર્જિંગ બોર અને પાણીના સંગ્રહના કામો થઈ શકે તે હેતુ માટે દરેક ધારાસભ્યને રૂપિયા ૫૦ લાખની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ચાલુ વર્ષના ૪ લાખ કરોડના બજેટમાં લિફ્ટ ઈરિગેશન માટે રૂપિયા ૪૮૫ કરોડ જોગવાઈ કરી છે. જેમાં છોટા ઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત ઉદવહન સિંચાઈ યોજનાથી ૧૮ તાલુકાઓના ૫૧૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવી આદિવાસી વિસ્તારોમાં પાણીના પાણીદાર આયોજનથી વિકાસની નવી દિશા આપવાની સરકારની નેમ હોવાનું તેમણે વધુમા ઉમેર્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ પંચમહાલ જિલ્લાની ઐતિહાસિક અને આધ્યાત્મિક વિરાસત સમગ્ર ગુજરાત માટે ગૌરવ ગણાવ્યું હતું. તેમણે ગુજરાત સરકારના એતિહાસિક રૂ.૪ લાખ કરોડના બજેટને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત' અને 'વિકસિત ગુજરાત' બનાવવા માટેનું પાયાનું માધ્યમ ગણાવ્યું હતું. મંત્રીશ્રીએ પીએમ કિસાન સન્માન નિધિ અને કમોસમી વરસાદમાં જાહેર કરાયેલા રૂ. ૪,૦૦૦ કરોડના સહાય પેકેજનો ઉલ્લેખ કરી સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી છે અને ખેતીને બમણી વેગવંતી બનાવવા તત્પર છે તેમ જણાવ્યું હતું.

શિક્ષણ ક્ષેત્રે આવેલી ક્રાંતિનો ઉલ્લેખ કરતા તેમણે સ્માર્ટ ક્લાસ, જિલ્લામા ઉચ્ચ શિક્ષણ માટેની સુવિધાઓથી સ્થાનિક યુવાનો માટે ઉચ્ચ શિક્ષણ મેળવી સોનેરી કારકિર્દીના દ્વાર ખુલ્યા છે. છેવાડાના ગામ સુધી ફળોવેલા પાકા રસ્તાઓ, પુલોનું નિર્માણ અને ૧૦૮ જેવી આરોગ્ય સુવિધાઓ દ્વારા સમાજના દરેક સ્તરના વ્યક્તિને શ્રેષ્ઠ સારવાર આપવાની પ્રાથમિકતાને આ સરકારે ચરિતાર્થ કરી છે. આ તકે શહેરના ધારાસભ્યશ્રી જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રા અવિરત આગળ વધી રહી છે. તેમણે શહેરા તાલુકામાં વિવિધ માઈનોર ઈરિગેશન યોજનાઓ અને ચેકડેમોના કારણે ખેડૂતો તેમજ પશુપાલકોને સિંચાઈની સુવિધા મળતા તેમની આવકમાં ઉત્તરોત્તર વધારો થશે તેમ જણાવ્યું હતું. તેમણે શહેરા નગરપાલિકામાં સ્થાપિત દેશનું પ્રથમ 'ઓપરેશન સિંદુર' થીમ આધારિત સર્કલનું નિર્માણ, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી તથા અહલ્યા બાઈ હોળકરની પ્રતિમાઓના અનાવરણને ગૌરવપૂર્ણ ગણાવી પંચમહાલ રેરી દ્વારા કોરોના કાળમાં સ્થાપિત ઓક્સિજન પ્લાન્ટ હવે શહેરા સિવિલ હોસ્પિટલને દર્દીઓની સેવા માટે અર્પણ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ પ્રસંગે પંચમહાલ જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયા દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું શાબ્દિક સ્વાગત કરીને કાર્યક્રમની રૂપરેખા આપવામા આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેઆ પ્રસંગે રીમોટ કંટ્રોલના એક ક્લિક થી વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્તઅને લોકાર્પણ તથા તકતી અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લામા થયેલ વિકાસની સફર અને ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરાયેલ વિભાગોની માહિતી આપતી બે ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું પંચમહાલ જિલ્લાની આદિજાતિ સંસ્કૃતિ અને પરંપરા મુજબ વિવિધ સ્મૃતિચિહ્નો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રેણુકાબેન ડાયરા, સાંસદશ્રી રાજપાલસિંહ જાદવ, રાજ્યસભા સાંસદશ્રી ડો.જસવંતસિંહ પરમાર, જિલ્લા અગ્રણી મયંક દેસાઈ, ધારાસભ્ય સર્વ શ્રી જેઠાભાઈ ભરવાડ (આહિર), શ્રી સી.કે રાઉલજી, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી જયદ્રથસિંહ પરમાર, શ્રી ફતેસિંહ ચૌહાણ તેમજ સ્થાનિક પદાધિકારીઓ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એમ.દેસાઈ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હરેશ દુધાત સહિત જિલ્લા વહીવટી તંત્રના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામથી પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૨મો હપ્તો જાહેર કર્યો

ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાના ૨૨મા હપ્તો રિલીઝ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલ ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું. અમદાવાદ જિલ્લામાં ધંધુકા એ.પી.એમ.સી.ખાતે 'મિલેટ ડેવલપમેન્ટ યોજના' અંતર્ગત મિલેટ મેળો અને પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાના ૨૨મા હપ્તા રિલીઝ કરાવતા દેશના ૯.૩૨ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૧૮,૬૪૦ કરોડની સહાય સીધી ડી.બી.ટી. (DBT) માધ્યમથી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. ગુજરાતના ૪૯.૫૯ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૧૦૨૮ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે. અમદાવાદ જિલ્લામાં પણ આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૧.૬૯ લાખ ખેડૂતોને રૂ. ૧૦૧.૮૬ કરોડ જેટલી સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે. ધંધુકા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો સહભાગી થયા હતા. 'મિલેટ મેળો અને PM કિસાન ઉત્સવ દિવસ' ઉજવણી અંતર્ગત ધંધુકા એપીએમસી ખાતે યોજાયેલા જિલ્લા કક્ષા કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા મિલેટ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને રોજીંદા આહારમાં તેનો ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ખેતીવાડી વિભાગની વિવિધ સહાય યોજનાના પેમેન્ટ ઓર્ડરોનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી હિનેશ પટેલે પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને આધાર ઈ-કેવાયસી અને આધાર સીડીંગ અંગે વિગતવાર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. તેમણે આધાર ઈ-કેવાયસી અને આધાર સીડીંગ બંને પ્રક્રિયાઓ યોગ્ય રીતે પૂર્ણ કરાવી લેવા ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો, જેથી કરીને પાત્રતા ધરાવતા ખેડૂતો યોજનાના લાભથી વંચિત ન રહે. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે જુપણ પાત્રતા ધરાવતા કોઈ ખેડૂતો બાકી હોય તો તેઓ પોતાની નોંધણી કરાવી શકે છે. દરેક ખેડૂત આ યોજનાની સહાય મેળવવા માટે ખેડૂત નોંધણી કરવી ફરજિયાત છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કૃષિ પ્રગતિ એપ્લિકેશનના ઉપયોગ અંગે ખેડૂતોને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. APMC ધંધુકાના ચેરમેન શ્રી ચૈતન્યસિંહ ચાવડાએ આ તકે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા કટિબદ્ધ છે. ખેડૂતોને આધુનિક ખેતી પ્રત્યે પ્રોત્સાહિત કરવા માટે સરકાર દ્વારા વિવિધ ખેત-ઓજારોમાં સહાય આપવામાં આવે છે, જેનો લાભ લઈને આપણા વિસ્તારના ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે. ધંધુકા એ.પી.એમ.સી. હંમેશા ખેડૂતોના હિતમાં કાર્યરત રહી છે અને ભવિષ્યમાં પણ સંસ્થા દ્વારા ખેડૂતોને સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. પ્રાકૃતિક ખેતીએ આપણી ધરતી માતાને બચાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે, તેથી તમામ ખેડૂત મિત્રોએ ઝેરમુક્ત ખેતી અપનાવી સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન તરફ વળવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્ટોલ્સ પરથી ખેડૂતોને ખેતી પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂત શ્રી મનહરસિંહ રાણાએ પ્રાકૃતિક કૃષિ અંગે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આજે સમાજમાં ગંભીર રોગો વધ્યા છે ત્યારે ઝેરમુક્ત પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહેછે અને રાસાયણિક ખાતરનો ખર્ચ બચે છે, જેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને આવકમાં વધારો થાય છે. ધંધુકા APMC ખાતે યોજાયેલ મિલેટ મેળો અને PM કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો/હોદ્દેદારો, ધંધુકા તાલુકા વિકાસ અધિકારી શ્રી, મદદનીશ ખેતી નિયામકશ્રી (ધંધુકા), સામાજીક અને રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028